# આધુનિક શિક્ષણનો પ્રારંભ

પ્રા.જનક ગઢવી
ગુજરાત કોલેજ, અમદાવાદ

**(૧) ઈ.સ. ૧૮૧૩ થી ૧૮૫૪ સુધીનો પ્રથમ તબકકો :–**

હિદમા આધુનિક શિક્ષણના મુખ્ય ત્રણ વાહકો હતા.

(i) પરદેશી ખ્રિસ્તી મીશનરી
(ii) બ્રિટિશ સરકાર
(iii) પ્રગતિશીલ હિદીઓ

– ખ્રિસ્તીમીશનરીઓએ શિક્ષણક્ષેત્રે મોટાપાયા પર કામગીરી બજાવી છે. જો કે, તેમનો મુખ્ય આશય તો શિક્ષણ સાથે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર–પ્રસાર કરવાનો હતો. તેઓ માનતા હતા કે તેમની હિદુઓને ખ્રિસ્તીધર્મમા વટલાવવાની ઝુબેશ એક સસ્કૃતિકરણ (Civilization) પ્રક્રિયા છે. ખ્રિસ્તીધર્મ મૂળભૂતરીતે એકેશ્વરવાદી અને સામાજિક સમાનતામા માનતો હોવાથી તે હિદુઓના બહુદેવવાદ કરતા વધુ સારો છે તેમ તેઓ માનતા. આ મીશનરીઓએ શૈક્ષણિક સસ્થાઓમા આધુનિક અને બિનસાપ્રદાયિક શિક્ષણની સાથે ખ્રિસ્તીધર્મનો ઉપદેશપણ આપવા માડયો. અને આમ તે ખ્રિસ્તી ઉપદેશ કેન્દ્રો જેવા બની રહયા. તેમ છતા મિશનરીઓએ આધુનિક શિક્ષણનો પ્રચાર–પ્રસાર કરવામા અમૂલ્ય ફાળો આપ્યો હતો તેમા શકાને સ્થાન નથી.

➢ – બ્રિટિશ સરકારેઆ પ્રકારના ઉદાર ટેકનીકલ શિક્ષણનો પ્રસાર શાળા – કોલેજોની સ્થાપના કરીને કર્યો. બ્રિટિશ સરકારે તેનીવહીવટી વ્યવસ્થા માટે જોઈતી માનવશકિત આ નવા સુશિક્ષિત વર્ગમાથી પ્રાપ્ત કરવાનુ વિચાર્યુ હતુ.વળી, હિદમા વધતાજતા વ્યાપારને કારણે પણ તેમને અગ્રેજી જાણતા વ્યાપારીઓ, સચાલકો અને એજન્ટોની જરૂર હતી. આમ, રાજકીય, વહીવટી અને આર્થિક જરૂરિયાત બ્રિટિશ સરકારની શિક્ષણનીતિનુ એક મુખ્ય ચાલકબળ હતુ.આ શિક્ષણ સસ્થાઓએ સરકારી અને વ્યાપારી કાર્યાલયો માટે કર્મચારીઓ પુરા પાડયા. નવી કાયદાપધ્ધતિએ નવી માળખાકિય વિધિથી પરિચય પામેલા વકિલો આપ્યા. આધુનિક તબીબી વિજ્ઞાનની તાલીમ પામેલા ડોકટરો, ટેકનીકલો અને શિક્ષકો આ નવી શિક્ષણ પધ્ધતિથી ઉદય પામ્યા જે બ્રિટિશ શાસનપૂર્વે ન હતા. આ, સરકારી શિક્ષણ એ મધ્યમવર્ગ અને બુધ્ધિજીવીવર્ગના પ્રાદુર્ભાવનુ એક અગ્રણી પરિબળ બન્યુ.


ISSN 2349-5634 (Print ) ISSN 2455-0973 (online) Vol.3 Issue 1 January 2017
Peer reviewed refereed International Journal Imp Fact 5.2 © IACRP